# The Economic Times

| Published from : | Ahmedabad | | |
|---|---|---|---|
| Day | Friday | Date | January 13, 2012 |

# હાલોલમાં આશિયાનાનો હાઉસિંગ પ્રોજેક્ટ

## દિલ્હી સ્થિત ડેવલપર જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ 10.65 એકર જમીન પર આવાસો તૈયાર કરશે

ઇટી બ્યૂરો
અમદાવાદ

દિલ્હી સ્થિત આશિયાના હાઉસિંગ ગુજરાતના રિયલ એસ્ટેટ બજારમાં પ્રવેશી છે. કંપની વડોદરા નજીક હાલોલ ખાતે રેસિડેન્શિયલ કોલોની સ્થાપવા માંગે છે તેમ કંપનીએ ગુરુવારે મુંબઈ શેરબજારને માહિતી આપી હતી.

આશિયાના હાઉસિંગ લિમિટેડ વડોદરાથી આશરે ૪૦ કિલોમીટર દૂર આવેલા હાલોલ સ્થિત ૧૦.૬૫ એકર જમીનને વિકસાવશે. કંપનીએ બીએસઈને જણાવ્યું હતું કે રેવન્યુ શેરિંગ એગ્રીમેન્ટ મારફત આમ કરવામાં આવશે. ડેવલપરે બિહાર, ઝારખંડ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન તથા દિલ્હી એનસીઆરમાં ૧૦૨.૯૪ લાખ સ્ક્વેર ફૂટથી વધુ રેસિડેન્શિયલ અને કોમર્શિયલ સ્પેસ પર બાંધકામ કર્યું છે. દિલ્હી સ્થિત ડેવલપર હવે હાલોલમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રની તકનો લાભ ઉઠાવવા માગે છે. હાલોલમાં સન ફાર્મા, એચએનજી ફ્લોટ ગ્લાસ, જનરલ મોટર્સ, સેટકો, સિયેટ, વિન્ડાર રિન્યુવેબલ એનર્જી, સિમેન્સ વગેરે જેવા મોટા કોર્પોરેટ્સ આવેલા છે. હાલોલ વડોદરામાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોરના વિસ્તારમાં આવેલું છે.



**તેજીલો વિકાસ**

**છેલ્લાં બે વર્ષમાં વડોદરામાં રીયલ એસ્ટેટ બજાર** વાર્ષિક 30 ટકાના દરે વિકસ્યું છે. પગારદાર તથા મધ્યમ આવક ધરાવતા જૂથ તરફથી ઘર માટે ભારે માંગ છે. હાલમાં શહેરમાં મકાનની કિંમત સ્કવેર ફૂટે ₹૨,૫૦૦-૪,૦૦૦ પ્રવર્તી રહી છે. સૌથી વધારે માંગ ₹30-૪૫ લાખની વચ્ચેની કિંમત ધરાવતાં મકાનોની છે

ગાયકવાડનું પ્રાચીન શહેર વડોદરા ઝડપથી રિયલ એસ્ટેટની સીડીઓ ચડી રહ્યું છે. અમદાવાદ તથા સુરત પછી તે ગુજરાતનું ત્રીજું સૌથી વધારે વસતિ ધરાવતું શહેર છે જે દસ લાખ કરતાં વધારે વસતિ ધરાવે છે.

જેપી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર જતીન ગુપ્તા કહે છે કે છેલ્લાં બે વર્ષમાં વડોદરામાં રીયલ એસ્ટેટ બજાર વાર્ષિક ૩૦ ટકાના દરે વિકસ્યું છે. પગારદાર તથા મધ્યમ આવક ધરાવતા જૂથ તરફથી ઘર માટે ભારે માંગ છે.

હાલમાં શહેરમાં મકાનની કિંમત સ્ક્વેર ફૂટે ₹૨,૫૦૦-૪,૦૦૦ પ્રવર્તી રહી છે. ગુપ્તાએ ઉમેર્યું હતું કે સૌથી વધારે માંગ ₹૩૦-૪૫ લાખની વચ્ચેની કિંમત ધરાવતાં મકાનોની છે.

જે જમીન પર આશિયાના તેનો સૌ પ્રથમ પ્રોજેક્ટ સ્થાપવાની છે તે હાલમાં બિન-કૃષિ (એનએ) મંજૂરી મેળવવાની પ્રક્રિયામાં છે. કંપની આવશ્યક મંજૂરીઓ છ મહિનાની અંદર મેળવવાની યોજના ધરાવે છે, ત્યાર બાદ ડેવલપમેન્ટની શરૂઆત કરાશે.

આશિયાના ઉપરાંત ગોદરેજ પ્રોપર્ટીઝ, ટાટા હાઉસિંગ અને અદાણી જેવા રિયલ એસ્ટેટ ક્ષેત્રના મોટા ખેલાડીઓ હાલમાં રાજ્યમાં હાઉસિંગ પ્રોજેક્ટ્સ હાથ ધરી રહ્યા છે.

The Economic Times

| Published from : | Ahmedabad | | |
|---|---|---|---|
| Day | Friday | Date | January 13, 2012 |


# Ashiana Housing Sets Foot in Guj

## Co will develop 10.65 acres at Halol

**OUR BUREAU**
AHMEDABAD

Delhi-based Ashiana Housing has entered the real estate market in Gujarat. Ashiana plans to develop a residential colony at Halol near Vadodara, the company informed the BSE on Thursday.

Ashiana Housing will develop 10.65 acres at Halol, which is located about 40 km from Vadodara.

This will be done through a revenue-sharing agreement, the company informed the BSE.

The developer has built and delivered over 102.94 lakh sq ft of residential and commercial space in Bihar, Jharkhand, Haryana, Uttar Pradesh, Rajasthan and Delhi-NCR.

The Delhi-based developer now aims to tap the real estate potential at Halol, which is home to large corporates such as Sun Pharma, HNG Float Glass, General Motors, SETCO, CEAT, Windar Renewable Energy, Siemens etc. Halol also falls in the catchment area of the Delhi-Mumbai Industrial Corridor that passes through Vadodara.

The ancient city of the Gaekwads, Vadodara, is fast climbing up the real estate ladder. After Ahmedabad and Surat, it is one of the third-most populated cities in Gujarat, having a population of over a million. "In the last two years, the real estate market in Vadodara has grown 30% annually. There is a lot of demand for housing from the salaried and middle-income groups," says Jateen Gupta, managing director of JP Infrastructure, one of the real estate developers that have operations in Vadodara.



**In the last two years, the real estate market in Vadodara has grown 30% annually**

The current residential prices in the city range between ₹2,500 and ₹4,000 per sq ft. "The maximum demand is for houses in the range of ₹30-45 lakh," Gupta added.

The land where Ashiana proposes to construct its maiden project is currently in the process of receiving the 'non-agricultural' clearances. The company plans to receive the requisite clearances in next six months & start development thereafter.

Apart from Ashiana, large real estate players like Godrej Properties, Tata Housing and Adanis are already executing housing projects in the state.